(૧) ફરીયાદપક્ષની વિલંબ માફની હાલની અરજી વંચાણે લીધી, રેકર્ડ ધ્યાને લીધું. આ કામના ફરીયાદીએ હાલની અરજીમાં જણાવ્યા મુજબ હાલની ફરીયાદ સમય મર્યાદામાં દાખલ કરવાની થતી હતી. પરંતુ ફરીયાદીને ડેન્ગ્યુ થયેલ હોવાથી તા.૧૬/૦૯/૧૯ થી તા.૨૨/૦૯/૧૯ સુધી હોસ્પીટલાઈઝ હતા તથા ત્યારબાદ ડૉકટરશ્રી ધ્વારા આરામ કરવાની સલાહ આપવામાં આવેલ હતી જે કારણોસર ફરીયાદી નામ.કોર્ટ સમક્ષ હાજર રહી શકેલા નહીં જેથી ફરીયાદ સમય મર્યાદામાં દાખલ કરી શકેલ નહીં અને ફરીયાદ દાખલ કરવામાં **૧૧** દિવસનો વિલંબ થવા પામેલ છે. જેથી હાલની ફરીયાદ દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવા અરજ ગુજારેલ છે.

(૨) સદર અરજી સાંભળવા મુલ્તવી રાખી સામાવાળાને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ. જે સામાવાળાને નોટીસ બજી ગયેલ હોવા છતાં તેઓ જાતે કે તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર રહેલ નથી. જેથી ફરીયાદપક્ષની અરજી અન્વયે આરોપીનો જવાબનો હકક બંધ કરવાનો હુકમ કરેલ છે.

(૩) ફરીયાદપક્ષની હાલની વિલંબ માફની અરજી તથા સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા ફરીયાદીએ પોતાની વિલંબ માફની અરજીમાં મુખ્ય કારણ તરીકે ફરીયાદીને ડેન્ગ્યુ થયેલ હોવાથી તા.૧૬–૦૯–૯ થી તા.૨૨–૦૯–૧૯ સુધી હોસ્પીટલાઈઝ હતા તથા ત્યારબાદ ડૉકટરશ્રી ધ્વારા આરામ કરવાની સલાહ આપવામાં આવેલ હતી જે કારણોસર ફરીયાદી નામ.કોર્ટ સમક્ષ હાજર રહી શકેલા નહીં જે કારણોસર હાલની ફરીયાદ સમય મર્યાદામાં દાખલ કરી શકેલ નહીં અને વિલંબ થવા પામેલ છે. વળી, ફરીયાદીએ પોતાની વિલંબ માફની અરજીમાં જે કારણો જણાવેલ છે તે સોગંદનામાથી સમર્થિત છે. વધુમાં હાલની અરજીમાં જણાવેલ તેઓની બીમારીની સારવાર સંદર્ભે આદિત્ય મલ્ટી–સ્પેશ્યાલીટી હોસ્પિટલ, અમદાવાદનાઓ ધ્વારા આપવામાં આવેલ સર્ટીફીકેટ રજુ કરવામાં આવેલ છે જે ધ્યાને લેતાં હાલના ફરીયાદીની હકીકત યોગ્ય હોવાનું જણાઈ આવે છે. આથી હાલની અરજી મંજુર કરવા માત્રથી કોઈપણ પક્ષકારને પૂર્વગ્રહ થાય તેમ ન હોય અને આરોપીને પણ આગળ ઉપર કેસ ચાલતા દરમ્યાન પોતાના બચાવમાં વિશાળ તકો મળી રહેનાર છે તે ધ્યાને લેતા, બંન્ને પક્ષકારોના સમાન હિતોને ધ્યાનમાં રાખીને હાલની અરજી મંજુર કરવી ન્યાયોચિત જણાઈ આવે છે.વધુમાં ફરીયાદીની ફરીયાદ, રજુ રાખેલ સરતપાસનું સોગંદનામું, રજુ રાખેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતાં આ કામના આરોપીઓ સામે ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એકટ–૨૦૦૭ ની કલમ–૨૫ અન્વયે આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા પુરતા અને વ્યાજબી કારણો જણાઈ આવે છે. જેથી આ તમામ હકીકતો નજર સમક્ષ રાખી હાલની અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

(૧) ફરીયાદપક્ષને હાલની ફરીયાદ દાખલ કરવામાં થયેલ **૧૧** દિવસના વિલંબ માફની અરજી મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે અને સદર ફરીયાદ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી વિરૂધ્ધ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એકટ–૨૦૦૭ ની કલમ–૨૫ મુજબના ગુન્હા સબબ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૦૪ અન્વયે ફ. મુ. **તા.૨૪/૦૨/૨૦** ના રોજના સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૬–૦૧–૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ.
તારીખ : ૧૬/૦૧/૨૦૨૦

**(બકુલભાઈ વિજયસિંહ વસાવા)**
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
ને.ઈ.એકટ, કોર્ટ નં.૨૯, અમદાવાદ
**જી.જે.૦૧૧૨૭**